પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૫ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યનું મધ્યમવર્ગીય બજેટ

## ગુજરાતના ૨.૧૭ લાખ કરોડના બજેટમાં ૩૩૦ કરોડની વીજદરમાં રાહતો : બજેટમાં શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી મહાકાય જોગવાઈ : અંદાજિત પુરાંત ૨૭૫.૫૭ કરોડ : સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૩૮૭ કરોડની જોગવાઈઓ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર- ગુજરાતના નાણામંત્રી નીતિન પટેલે રાજ્ય વિધાનસભામાં આજે આઠમી વખત બજેટ રજૂ કર્યું છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આવી રહી હોવાથી બજેટમાં ગ્રામીણ તેમજ શહેરી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.




નાણામંત્રીએ ૨૦૨૦-૨૧ના વર્ષમાં બજેટનું કદ ૨ કરોડ ૧૭ લાખ રૂપિયા રાખ્યું છે. સામાન્ય રીતે આ બજેટ ખેડૂત, ગ્રામીણ અને કૃષિલક્ષી છાપ ધરાવે છે. બીજી તરફ રાજ્ય સરકારે જનતા પર કરભારણ વધારવાની જગ્યાએ વીજકરમાં ૩૩૦ કરોડ ૧૬ લાખ રૂપિયાની રાહતો આપી છે. રાજ્ય સરકારે બજેટમાં સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રને અનુરૂપ તમામ વર્ગને સાચવી લીધા છે.

નાણામંત્રીએ કોલ્ડસ્ટોરેજ પરનો વીજકર ૨૦ ટકાથી ઘટાડી ૧૦ ટકા કરવાની દરખાસ્ત રજૂ કરી છે જેની સાથે સાથે ધાર્મિક સ્થાનો પરનો વીજકર હાલના ૨૫ ટકાથી ઘટાડી ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫ ટકા તેમજ શહેરી વિસ્તારમાં ૧૫ ટકા કરવાની દરખાસ્ત મૂકી છે જેના કારણે રાજ્યના ૧૦૫૦૦ ધાર્મિક સ્થાનોને રાહત મળશે. નાણામંત્રીએ ધર્મશાળાઓ પરનો ૨૫ ટકા વીજકર ઘટાડીને ૧૦ ટકા કરવાની તેમજ વેપારી અને વાણિજિયક વર્ગ પરનો વીજકર ૨૫ ટકાથી ઘટાડીને ૨૦ ટકા કરવાની દરખાસ્ત મૂકી છે. નીતિન પટેલે રાજ્યના બજેટમાં ૨૭૫ કરોડ ૨૭ લાખની પુરાંત રહેવાનો અંદાજ બાંધ્યો છે.


ગુજરાતના આગામી વર્ષના બજેટમાં મહિલાઓના સશક્તિકરણ ઉપર પણ વિશેષ ભાર મૂક્યો છે. જેન્ડર બજેટનું કદ ૭૮૪૧૮ કરોડ રૂપિયાનું રાખવામાં આવ્યું છે જે ગયા વર્ષ કરતાં ૧૫ હજાર કરોડનો વધારો સૂચવે છે. નાણામંત્રીએ ગુજરાતના વિકાસ માટેની મહત્વની નવી યોજનાઓની પણ



જાહેરાત કરી છે.

બજેટમાં રાજ્ય સરકારે યાત્રાધામો અને પ્રવાસનોને વિકસાવવા માટે પણ અનેક આયોજન કર્યા છે. જેમા કૃષ્ણનગરી દ્વારકાનો વિકાસ આયોજન કરવામાં આવ્યું છે. દ્વારકામાં કૃષ્ણલીલા દર્શાવતું મ્યુઝિયમ બનાવવા અને યાત્રાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ વધારવાનું આયોજન કરવામાં આવ્યું છે. બેટ દ્વારકા અને ઓખાને જોડતા અરબી સમુદ્ર ઉપર ૪.૫૬ કિલોમીટર લંબાઈના ચારમાર્ગીય સીગ્નેચર બ્રીજની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૯૬૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. ઉપરાંત સોમનાથ અને દ્વારકાની એક જ દિવસમાં મુલાકાત લઈ શકાય તે માટે વિમાન સેવા શરૂ કરવા માટે એક કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

બીજી તરફ વૈશ્વિક ઓળખ મેળવી ચુકેલ સ્ટેચ્યુ ઓફ યુનિટીની કેવડીયા ખાતે મુલાકાત આવનાર પ્રવાસીઓની વિપુલ સંખ્યાને ધ્યાને લઈને વિવિધ સુવિધાઓ તેમજ આકર્ષણો વિકસાવવામાં આવી રહ્યું છે. આ વિસ્તારના સંતુલિત અને આયોજનબદ્ધ વિકાસ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળની સ્થાપના કરવામાં આવી છે. આ સ્થળે જંગલ સફારી, વિશ્વ વન, આરોગ્ય વન, એકતા નર્સરી, કેક્ટસ ગાર્ડન, વેલી ઓફ ફ્લાવર્સ, ન્યુટ્રીશન પાર્ક, ઓકીડેરિયમ, ક્રોકોડાઈલ સેન્ટર વગેરેનું નિર્માણ કાર્ય હાથ ધરાયેલ છે. ઉપરાંત, મહિલા સ્વસહાય જૂથો મારફતે હર્બલ સાબુ બનાવવા, રોપાઓની જાળવણી જેવા રોજગારલક્ષી આયોજન કરવામાં આવ્યું છે જેના માટે કુલ ૩૮૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.




રાજ્યમાં આવેલા ધાર્મિક, ઐતિહાસિક અને પૌરાણિક યાત્રાધામો ખાતે યાત્રાળુઓ માટે સુવિધાઓ વિકસાવવાના વિવિધ કામો હાથ ધરવા માટે ૧૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સુરત જિલ્લાના મહુવા

● અનુસંધાન પાના - ૭ પર

### જો પોલીસે ભડકાઉ નિવેદન કરનારાઓને પકડ્યા હોત તો તોફાનો વકર્યા નહોત : સુપ્રિમ લાલઘુમ

દિલ્હીના શાહીન બાગમાં નાગરિકતા સંશોધન કાયદાને લઈને છેલ્લાં બે મહિનાથી પણ વધુ સમયથી ચાલતાં ધરણાં પ્રદર્શનોને લઈને બુધવારે ફરી એક વખત સુનાવણી થઈ, પરંતુ કોઈ પરિણામ ન આવ્યું. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાલ આ મામલે દરમિયાનગિરિ નહી કરીએ. જો કે કોર્ટે ફરી એક વખત કહ્યું કે સાર્વજનિક જગ્યાઓ પર પ્રદર્શન કરવાનું યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે આ અંગે વધુ સુનાવણી હોળી પછી ૨૩ માર્ચે હાથ ધરાશે તેમ જણાવ્યું.

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે દિલ્હી હાઈકોર્ટે હિંસા મામલે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરી છે. ત્યારે આ મુદ્દે સુપ્રીમ કોર્ટે હિંસા સાથે જોડાયેલી અરજી પર વિચાર કરીને શાહીન બાગ પ્રદર્શનો સંબંધે દાખલ કરેલી અરજીઓને નહીં જોડે. કોર્ટે દિલ્હીમાં થયેલી હિંસાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને આ અરજીઓ પરની સુનાવણીનો ઈનકાર કરી દીધો.

### હિંસાનું રાજનીતિકરણ કરી રહી છે કોંગ્રેસ : ભાજપ

કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા પ્રકાશ જાવડેકરે કહ્યું કે, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનું નિવેદન દુર્ભાગ્યપૂર્ણ અને ટીકાને પાત્ર છે. જે સમયે દરેક પાર્ટીએ સાથે મળીને દિલ્હીની શાંતિ માટે પગલા ભરવા જોઈએ, તે સમયે કોંગ્રેસ તરફથી સરકાર પર આવા આરોપ લગાવવા ગંદી રાજનીતિ છે. હિંસાનું રાજનીતિકરણ કરવું અયોગ્ય છે. બાલાકોટ એર સ્ટ્રાઈક દરમિયાન પણ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા હતા. અમિત શાહ ક્યાં હતા. તેમણે ગઈકાલે તમામ પાર્ટીઓ સાથે બેઠક કરી, જેમાં કોંગ્રેસના નેતા પણ હાજર હતી. ગૃહ પ્રધાને પોલીસને જરૂરી સૂચનાઓ આપી અને પોલીસની સંખ્યા પણ વધારી છે. કોંગ્રેસનું નિવેદન પોલીસનું મનોબળ તોડનારૂ છે.

# દિલ્હીમાં હજુ સ્થિતિ સ્ફોટક

## કઠોર નિયંત્રણો, કલમ ૧૪૪, સંચારબંધી, દેખો ત્યાંથી ઠારના આદેશ વચ્ચે અજંપાભરી સ્થિતિ : સેનાને તૈનાત કરવા કેજરીવાલની માંગ : હાલત કફોડી

નવી દિલ્હી, તા. ૨૬

પાટનગર દિલ્હીમાં નાગરિક સુધારા કાનૂનના વિરોધમાં જારી હિંસાનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. ઉત્તરપૂર્વીય દિલ્હીમાં સુધારવામાં આવેલા નાગરિક સુધારા કાનૂનના મામલે થયેલી હિંસામાં મોતનો આંકડો વધીને ૨૩ ઉપર પહોંચી ગયો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૩૦૦થી પણ ઉપર પહોંચી છે.અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા હિંસાગ્રસ્ત વિસ્તારોમાં રખાઈ હોવા છતાં હિંસાનો દોર જારી રહ્યો છે. પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવી પડી રહી છે. સિલમપુરમાં આજે પણ ધરણાપ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો છે. ધરપકડ અને એફઆઈઆર નોંધવાનો સિલસિલો જારી છે. આજે બીજા



ચાર મૃતદેહ મળી આવ્યા છે. આની સાથે જ મોતનો આંકડો ૨૩ ઉપર પહોંચી ગયો છે. મૃતકોમાં એક આઈબીના કર્મચારી પણ છે. આ પહેલા દિલ્હી પોલીસે પોતાના કોન્સ્ટેબલને ગુમાવ્યા હતા. આઈબીના કર્મચારી અંકિતનો મૃતદેહ હિંસાગ્રસ્ત ચાંદબાગમાં મળ્યો છે. અંકિત લાપત્તા થયા બાદ આની ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. ઘાયલ થયેલા ૩૦૦થી પણ વધુ લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. વિવિધ વિસ્તારોમાં કઠોર નિયંત્રણો, સંચારબંધી, કલમ ૧૪૪ હોવા છતાં હિંસાનો દોર જારી રહ્યો છે. દિલ્હીના જુદા જુદા ભાગોમાં હિંસાના કારણે મોતનો આંકડો વધીને ૨૩ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૩૦૦ ઉપર પહોંચી

### દિલ્હી હિંસા માટે અમિત શાહ જવાબદાર, રાજીનામું આપે : સોનિયા ગાંધી

રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા હિંસક રમખાણો માટે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ સીધી રીતે અમિત શાહને જવાબદાર ઠેરવ્યા છે. આજે સોનિયા ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતુ કે, રમખાણો થયા ત્યારે અમિત શાહ અને અરવિંદ કેજરીવાલ ક્યાં હતા? રમખાણો વધુ થવાના છે તે સ્પષ્ટ હતું તેમ છતાંય કેમ યોગ્ય સમયે એક્શન લેવામાં ના આવ્યા?

ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં થયેલા રમખાણોની જવાબદારી લઈને પોતાનું રાજીનામું આપી દેવું જોઈએ તેવી માગ કરતા સોનિયાએ કેજરીવાલ સરકારને પણ ઘેરી હતી. તેમણે જણાવ્યું હતું કે બંને સરકારે યોગ્ય કાર્યવાહી ન કરતા રાજધાની આ ત્રાસદીનો શિકાર કરી છે. ગત રવિવારથી અમિત શાહ અને અરવિંદ કેજરીવાલ ક્યાં હતા અને શું કરી રહ્યા હતા તેનો જવાબ આપે. ભાજપના નેતાએ ભડકાઉ ભાષણ આપી ડર અને નફરતનો માહોલ બનાવ્યો તેવો આક્ષેપ કરતા સોનિયાએ જણાવ્યું હતું કે ભાજપના નેતાએ દિલ્હી પોલીસને ત્રણ દિવસનું અલ્ટિમેટમ આપતા કહ્યું હતું કે ત્રણ દિવસ પછી અમને કંઈ ના કહેશો.

# અમિત શાહ અને અજિત દોભાલ સક્રિય

નવી દિલ્હી, તા. ૨૬

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વ્યાપક હિંસામાં ૨૩ લોકોના મોત અને હથિયારો સાથે હિંસા પર ઉતારવાના બનાવો, મૃતદેહ મળી આવવાના સિલસિલા વચ્ચે આજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલે બેઠકોનો દોર જારી રાખ્યો હતો. અનેક હિંસાગ્રસ્ત વિસ્તારમાં પરિસ્થિતિની સમીક્ષામાં અજિત દોભાલ પહોંચ્યા હતા. અધિકારીઓ સાથે સતત બેઠકો યોજી હતી. પરિસ્થિતિની સમીક્ષા કરવા અજિત દોભાલ સિલમપુર અને અન્ય હિંસાગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા હતા. હિંસા વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત



દોભાલે બાજી સંભાળી લીધી છે. દોભાલે ગઈકાલે રાતે પણ વિવિધ વિસ્તારોમાં પહોંચી જઈને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં જારી હિંસાના દોર વચ્ચે હવે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ જોરદાર રીતે સક્રિય થયેલા છે. બંને પળ પળની માહિતી સંબંધિત અધિકારીઓની પાસેથી મેળવી રહ્યા છે. અજિત દોભાલ તો વિવિધ વિસ્તારોમાં રાત્રી ગાળા દરમિયાન ફરીને માહિતી મેળવી લેવાના પ્રયાસ કરતા નજરે પડ્યા હતા. દોબાળ મંગળવારે રાત્રે સીલમપુર, ભજનપુરા, મૌજપુર, યમુના વિહાર જેવા વિસ્તારોમાં પહોંચીસ ગયા હતા અને સ્થિતીની માહિતી મેળવી હતી. આજે પણ સિલમપુર સહિતના વિસ્તારોમાં પહોંચીને લોકો સાથે વાતચીત કરી હતી. દિલ્હીના જુદા જુદા ભાગોમાં હિંસાના કારણે મોતનો આંકડો વધીને ૨૩ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૩૦૦ ઉપર પહોંચી ગઈ છે.

